જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૬/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૨૬૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૬૪૫ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૬૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૨૬૯/૧૭**

**કાલુપુરઃ**અશેષકુમાર ગોર્ધનદાસ સોની (રહે. અવની કોમ્પલેક્ષ નારણપુરા બસ સ્ટેન્ડ સામે નારણપુરા) એ તા.૧૯/૬/૧૭ નારોજ કાલુપુરપોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૬/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧૦/૬/૧૭ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુરરતનપોળ શેઠની પોળ,અલંકાર માર્કેટમાં બીજા માળે આવેલ પોતાની દુકાનના દરવાજાના નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાચુ સોનુ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**ઠંડાપીણામાં કેફી પદાર્થ ભેળવી બેભાન કરી ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨૭૦/૧૭**

**બાપુનગરઃ** દુર્ગાપ્રસાદ નેનસુખ જાતે કૌરી (ઉ.વ.૫૮) ધંધો-રીક્ષા ડ્રાઇવીંગ (રહે. પરીહારનગર, ગલી નં-૧, પુષ્પાનગર, ભાર્ગવ રોડ, કુબેરનગર) એ તા.૧૮/૬/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર અજીત મિલ ચાર રસ્તાથી સી.એન.વિદ્યાલય આંબાવાડી જવા માટે રીક્ષામા પેસેંજર તરીકે એક પુરૂષ બેસાડ્યો હતો. રસ્તામાં આ પુરૂષે ઠંડા પીણામાં કેફી પદાર્થ ભેળવી દુર્ગાપ્રસાદને પીવડાવી દેતા દુર્ગાપ્રસાદ બેભાન થઇ જતા દુર્ગાપ્રસાદની રિક્ષા નંબર જીજે ૦૧ ટીએ ૬૭૦૨ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦૦૦/- તથા પાકીટ જેમા ડ્રાઇવિગ લાઇસન્સ તથા સેમસંગ મોબાઇલ ફોન રૂપિયા ૫૦૦/- ચોરી કરી લઈ ગયો હતો. આ અંગેની ફરીયાદ દુર્ગાપ્રસાદ કૌરીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.ડી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૧/૧૭**

**વટવાઃ** વિક્રમસિહ ભરતસિહ પરમાર (રહે. નૈયા એપાર્ટ્મેંટ રામોલ ડુપ્લેક્ષની બાજુમા રામોલ) એ તા.૧૯/૬/૧૭ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૬/૧૭ કલાક ૧/૩૦ થી કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન નારોલ હર્ષ ફ્રેટ કેરીયર્સના ટ્રાસ્પોર્ટના ગોડાઉનમાંથી રીલાયંસ કંપનીના કાપડના કાર્ટુન નંગ-૫૯ તથા ગોલ્ડ સ્યુન કંપનીના કાપડના કાર્ટુન નંગ-૧૦ મળી કાર્ટુન નંગ-૬૯ કિમત રૂપિયા ૬,૯૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૨૭૨/૧૭**

**રખીયાલઃ** ચંદુભાઈ પરસોત્તમભાઇ રોહિત (ઉ.વ.૪૦) (રહે.પટેલ પંરમાનંદની ચાલી વિજય પેટ્રોલ પંપ સામે ગોમતીપુર) તા.૧૯/૬/૧૭ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે રખિયાલ જુના ચાર રસ્તા પાસે આવેલ જગદીશ ચવાણા માર્ટ નામની દુકાનની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટો રીક્ષા નંબર જીજે ૦૧ એચ ૭૮૦૫ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ચદુભાઈ રોહીતને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ચંદુભાઈના ભાઈ રમેશભાઇ પરસોત્તમભાઇ રોહીત (રહે. ગામ- મોટી સિલોડ રોહીતવાસ તાલુકો ખેડા જીલ્લો ખેડા) એ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૨૭૩/૧૭**

**ઇસનપુરઃ** નિખિલસિંગ સ/ઓફ ભુરેસિંગ ચૌહાણ (રહે. ગોકુલનગર ઠક્કરનગર બાપુનગર) ઇસનપુર ખાતે સુફલામ એસ્ટેટમાં પથ્થર ઘસવાનુ કામ કરતા હતા ત્યારે કરંટ લાગતા સારવાર માટે એલ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો મનુભાઈ આલાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૭૪/૧૭**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** રાહુલ ઉમેશભાઇ ચૌહાણ (ઉ.વ.૧૮) (રહે.સુભાષનગર શૌરાબજી કમ્પાઉન્ડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૯/૬/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા દુધેશ્વરબ્રીજ નીચે નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અરખાભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** નુરબાનુ વા/ઓ અનવરહુસેન શેખ (ઉ.વ.૨૮) (રહે.ગોલ્ડન પાર્ક નવરંગ સ્કુલની પાસે બેરલ માર્કેટ દાણીલીમડા) એ બિમારીથી કંટાળી તા.૧૬/૬/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે વધુ ગોળી પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૬/૧૭ રાતના ૧૦/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી કાન્તીભાઇ પુંજાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.